

અદ્દભૂત માહોલ - નવરાત્રીની આરધનાનો ઉત્સાહભર્યા વાતાવરણમાં પ્રારંભ થઈ ગયો છે... ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમી રહ્યા છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત ગરબા મહોત્સવ વિશાળ ગરબા ગ્રાઉન્ડ 'ગબ્બર ચોક'માં બીજા નોરતે યુવાધન ઉમટી પડ્યું હતું... વિવિધ વેશભૂષામાં અને હૈયામાં થનગાનટ સાથે ખેલૈયાઓએ ગરબા-રાસની રમઝટમાં ગરબે ઘૂમ્યા હતા... કલ્ચર ફોરમના ગરબામાં રમતા ખેલૈયાઓના આ દશ્યને એરિયલ વ્યૂથી કેમેરામાં કંડારવામાં આવ્યું હતું.... આ દશ્ય જોઈને હૃદયમાંથી એક જ સૂર નીકળે છે કે, શું અદભૂત માહોલ છે... આ માહોલ તો કલ્ચરલ ફોરમના આંગણે જ જોવા મળે....

# લ્યો બોલો...અમે તો.. ગરબાનુ આયોજન કર્યુ હતુ... એટલે શાળા ચાલુ રાખી હતી

**નવરાતના વેકેશન દરમિયાન શાળા ચાલુ રાખવાના મામલે નોટીસના અંતે શાળાના આચાર્યોએ જવાબ રજુ કર્યો**

ગાંધીનગર તા ૧૨

નવરાત દરમિયાન શાળા ચાલુ રાખવાના મામલે જિલ્લા શિક્ષણતંત્રની કચેરી દ્વારા શહેર તેમજ જિલ્લાની ચાર શાળાઓને નોટીસ આપવામાં આવી હતી. જેના અનુસંધાને શાળાના આચાર્યોએ રજુ કરેલા જવાબ જણાંવ્યુ હતુ કે અમે તો ગરબા મહોત્સવનુ આયોજન કર્યુ હતુ એટલે શાળા ચાલુ હતી...!!

શહેરમાં નવરાત દરમિયાન સરકારે વેકેશન જાહેર કરી દીધુ છે. જયારે નવરાત દરમિયાન વેકેશનના અંતે તુરંત પરીક્ષા પણ શરૂ થવાની હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી સાથે ગરબા મહાત્સવમાં સ્ટ્રેસ ફ્રી ઘુમી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે શહેરીની શાળાઓમાં નવરાત પર્વના પ્રારંભ પુર્વે થી જ સરકારે જાહેર કરેલા વેકેશન મામલે મનસ્વી નિર્ણય લેવાની ગતિવિધિઓ સામે આવી હતી. આખરે આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નવરાતના વેકેશન દરમિયાન જે શાળાઓ ચાલુ હશે તેને નોટીસ આપી કાર્યવાહી હાથ ધરાશે તેવી સુચના પણ આપવામાં આવી હતી. જયારે નવરાત દરમિયાન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાના મામલે જિલ્લાની ચાર જેટલી શાળાઓને નોટીસ આપવામાં આવી હતી. જેમાં દહેગામની તાલુકાની બે શાળા તેમજ ગાંધીનગર શહેરની બે શાળાને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જયારે આ નોટીસના અંતે શાળાના આચાર્ય કક્ષાએથી જવાબ રજુ કરી દેવાયો છે. વેકેશન બદલ શાળા ચાલુ રાખવાના મામલે શાળાના આચાર્યોએ જિલ્લા શિક્ષણ કચેરીને જણાંવ્યુ છે કે વિદ્યાર્થીઓ માટે ગરબા મહોત્સવનુ આયોજન હોવાથી શાળા ચાલુ હતી. નવરાત પર્વ દરમિયાન શાળામાં ગરબાનુ આયોજન કરવામાં આવે છે. પરંતુ નવરાતના પ્રારંભે જ ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હોય તે વાત હકીકત છે કે કેમ તે અંગે પણ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા યોગ્ય જાણકારી મેળવવામાં આવશે.

# તાલુકામાંથી વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળ્યો

**છેલ્લા થોડાક દિવસથી આ રોગમાં મહિલા દર્દીઓ વધુ મળી રહ્યા છે જેને લઈ તંત્ર વધુ ચિંતાતુર બન્યુ છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના સુઘડ પી.એચ.સી. વિસ્તારમાંથી આજે વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૪૨ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સુઘડ પી.એચ.સી. વિસ્તારમાંથી ૫૫ વર્ષીય મહિલાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું જણાઈ આવેલ છે. હાલ આ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાંથી મળ્યા છે તેમજ આ રોગથી મરણ પામનાર દર્દીઓની સંખ્યા પણ આ તાલુકામાં વધારે નોંધાઈ છે.

છેલ્લા થોડાક દિવસથી આ રોગમાં મહિલા દર્દીઓ વધુ મળી રહ્યા છે જેનો લઈ તાંત્ર વધુ ચિંતાતુર બન્યુ છે. કલોલમાં પણ કેસો વધી રહ્યા હોવાની વાતોએ જોર પકડ્યું છે.

# જિલ્લાના ૧૯ હજારથી વધુ બાળકો વાંચન-લેખન-ગણનમાં હજુ પણ નબળા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં મિશન વિદ્યાના અંતે કરાયેલ પરીક્ષણમાં ૧૯૧૪૭ વિદ્યાર્થીઓના પરિણામ નબળા રહ્યા છે. જેમાં ૯ હજારથી વધુ બાળકો ગણિતમાં નબળા જણાયા છે જેને લઈ જિલ્લાના શિક્ષણ જગતમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

**સૌથી નબળા ગણનમાં બાળકો જણાયા**

મિશન વિદ્યાના વિગતવાર પરિણામો જાહેર થયા છે. જેમાં જિલ્લામાં વાંચન-લેખન-ગણનમાં ૪૨,૫૬૨ બાળકો પ્રિય બાળકની કેટેગરીમાં મુકવામાં આવ્યા હતા. એક મહિના સુધી આ પ્રિય બાળકોને મુખ્ય પ્રવાહ સાથે જોડવા સરકારે મિશન વિદ્યાનો નવતર અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો હતો.

જિલ્લાના ગુણોત્સવમાં નબળા પરિણામને લઈ સરકાર ચિંતીત હતી અને તેથી રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે જિલ્લામાં મિશન વિદ્યાના અમલવારીનું નેતૃત્વ સ્વીકારી પડકારને ઉપાડ્યો હતો.

જિલ્લા કલેકટરે પણ જિલ્લાના તમામ અધિકારીઓને આ મિશન વિદ્યામાં જોતરી અને અસરકારક અમલવારીના ભરપૂર પ્રયાસો કર્યા હતા જે નોંધનીય છે.

મિશન વિદ્યા સંપન્ન થયા પછી સરકારે તેના મૂલ્યાંકનનો મહત્વનો નિર્ણય લીધો હતો. મૂલ્યાંકનનું વિગતવાર પરિણામ જાહેર થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૧૨૫૦ જેટલા જોખમી મકાનો તોડી નાંખવામાં આવશે

**૩૪૯ મકાનો ખાલી ૯૦૧ આવાસો પણ તબક્કારવાર ખાલી કરાવામાં આવી રહ્યા છે : જોખમી મકાનોની કેટેગરીમાં આવતા આ આવાસો તોડવા માટે કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં સરકારી આવાસો દાયકાઓ જુના અને કંગાળ હાલતમાં છે. એકબાજુ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે વર્ષો જુના મકાનો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં વિવિધ કક્ષાના ૧૨૫૦ મકાનો ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ મકાનો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. જયારે આ પૈકી ૩૪૯ જેટલા મકાનો ખાલી છે. આ મકાનો તોડવા માટે આવાસો ખાલી કરાવવામાં આવી રહ્યા છે.

ગાંધીનગરમાં સરકારી આવાસો મામલે છેલ્લા ઘણાં સમયથી સર્વે હાથ ધરાયો છે. નગરના સેકટરોમાં જુદી જુદી કેટેગરીના મકાનો પૈકી ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. જયારે તંત્ર દ્વારા આ પ્રકારના મકાનો ખાલી કરી નિકાલ હેઠળ લેવામાં આવી રહ્યા છે. આવાસો તોડવાનુ કામ ચાલુ છે. જયારે અન્ય આવાસો ખાલી થયા બાદ તબક્કાવાર મકાનો તોડવામાં આવશે. તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વે અનુસાર સે-૬,૯,૭ તેમજ સે-૨૨ થી ૨૪ અને સે-૨૮ અને સે-૨૯ માં જ, ચ-૧ ,જ-૧ , ચ , છ તેમજ ઘ કક્ષાના મકાનો ભયજનક હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. તંત્રના સર્વે મુજબ આ પ્રકારના

● અનુસંધાન પાન-૭ પર

# દિપાવલી વેકેશન બાદ રાજયમાં પુનઃ મિશન વિદ્યા-૨ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૨

દિપાવલી વેકેશન પછી રાજયમાં મિશન વિદ્યાનો બીજો તબક્કો હાથ ધરવાની ગંભીર વિચારણા સરકારના શિક્ષણ વિભાગે હાથ ધરી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજયમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર જે રીતે ગગડી રહ્યો છે તેનાથી તંત્ર ચિંતાતુર છે. તાજેતરમાં રાજયના પ્રા.શિ. અધિકારીઓ સાથે યોજાયેલ એક દિવસીય બેઠકમાં પણ આ અંગે ખાસ્સી ચર્ચાઓ કરવામાં આવી હતી.

મિશન વિદ્યાના પરિણામોથી સરકાર ખુશ નથી અને નિરાશા પણ નથી. સરકારે આ દિશામાં વધુ એક પ્રયોગ કરવો જોઈએ તેવી સૌની લાગણીને ધ્યાને લીધી છે. નો ડિટેક્શન સિસ્ટમની અવળી અસર શિક્ષણની ગુણવત્તા પર થઈ રહી છે. શિક્ષકો પણ શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિમાં વધારે રોકાયેલા રહેતા હોય છે.

રાજય સરકારે શિક્ષણના સ્તરમાં સુધારો આવે તે માટે સત્રાંત મૂલ્યાંકનમાં પણ બાહ્ય સુપરવીઝન અને બાહ્ય મૂલ્યાંકનનો અભિગમ અપનાવવાનો જે નિર્ણય કર્યો છે તે પણ મિશન વિદ્યાનો બીજો તબક્કો આવી રહ્યાના સંકેત આપે છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓની બેઠકના સમાપનમાં પણ આ અંગેના સ્પષ્ટ સંકેત આપ્યા છે.

હવે દિવાળીનું વેકેશન પૂર્ણ થાય તે પછી પુનઃ મિશન વિદ્યાનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે અને તેની સત્તાવાર જાહેરાત થશે.

ગાંધીનગર જિલ્લામાં પણ મિશન વિદ્યાના મોનીટરીંગ દરમ્યાન રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે પણ તે વખતે પડકાર મોટો હોવાનું જણાવી કદાચ આ પ્રયોગ લંબાવાશે તેવા સંકેતો પત્રકારોની વાતચીતમાં આપ્યા હતા જે નોંધનીય છે.



હૈયુ હિલોળે ચડ્યું - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રીના બીજા નોરતે યુવા હૈયુ હિલોળે ચડ્યું હતું... પગમાં થનગનાટ, હૈયામાં હામ અને સૂર-સંગીતની સાથે તાળીઓનો તાલ મેળવતા સૌ કોઈ ખેલૈયાઓને રમતાં જોવા એ પણ એક લ્હાવો છે....

# એ.પી.એમ.સી.ના જંગ માટે બે મંડળીના નામ મતદારયાદીમાંથી કમી કરવાનો નિર્ણય યોગ્ય રહ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર એ.પી. એમ.સી.ની મતદારયાદીમાંથી બો સાહકારી મંડળીઓ રદ કરવાના ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રારના નિર્ણયને રાજયની વડી અદાલતે માન્ય રાખતાં સત્તાધારી પેનલમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

અડાલજ તેલીબીયાં વેચાણ મંડળી અને જાખોરા તેલીબીયાં મંડળીના સભ્યપદને રદ કરવાના હુકમ સાથે આ સંસ્થાઓ વડી અદાલતમાં ગઈ હતી. આ પછી વડી અદાલતે પુનઃ સાંભળવા ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રારને હુકમ કર્યો હતો. બીજીવારની સુનાવણી પછી પણ રજીસ્ટ્રારે પોતાનો ચુકાદો યોગ્ય જણાવતાં આ સંસ્થાઓએ પુનઃ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

હાઈકોર્ટે પ્રાથમિક સુનાવણીને અંતે ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રારના હુકમને જ માન્ય રાખતાં સત્તાધારી પેનલમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

જિલ્લાની આ મહત્વની સહકારી સંસ્થાની ચૂંટણીમાં બે પેનલો છે. પ્રગતિ પેનલ અને સદ્ભાવના પેનલ. પ્રગતિ પેનલ સત્તાધારી જૂથની પેનલ છે. આ બે મંડળીઓના નિર્ણયને લઈ પ્રગતિ પેનલના સમર્થકોમાં નિરાશાની લાગણી જોવા મળી રહી છે.

# ગીર પંથકમાં સિંહો પર ખતરો સંપૂર્ણ ટળ્યો નથી

**નવા રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા બાદથી સરકાર અને વનવિભાગ ફરી ચિંતામાં : સાવચેતીના તમામ પગલાઓ**

અમદાવાદ, તા.૧૨

ગીરપંથકમાં ૨૩ સિંહોના મોત પછી ગીરમાં રહેતા બીજી સિંહો પરથી હજુ ખતરો ટળ્યો નથી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) ના રિપોર્ટમાં બીજા ૨૧ સિંહોમાં ઘાતક વાયરસના લક્ષણો હોવાનું અને તેઓ ખતરા હેઠળ હોવાનું સામે આવતાં રાજય સરકાર અને વનવિભાગની ચિંતા ફરી વધી છે. જેના કારણ હવે વનવિભાગના અધિકારીઓ અને નિષ્ણાત તબીબોએ આ ૨૧ સિંહોના રક્ષણ અને તેમને

● અનુસંધાન પાન-૭ પર


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com